| | | | | |
|---|---|---|---|---|
| દાખલ તારીખ | | ૦૬ | ૦૧ | ૨૦૨૫ |
| રજીસ્ટર તારીખ | | ૦૬ | ૦૧ | ૨૦૨૫ |
| ફેસલ તારીખ | | ૧૫ | ૦૨ | ૨૦૨૫ |
| સમયગાળો | | વર્ષ | માસ | દિવસ |
| | | -- | ૦૧ | ૦૯ |

**મે.નામદાર ૧૩માં એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ (ડી.આર.જોષી) સાહેબની કોર્ટમાં, (કોર્ટ નંબર-૧૨), મુ.અમદાવાદ શહેર.**

**ફોજદારી કેસ નંબર – ૬૩૦૭/૨૦૨૫.**
**આંક – ૧૦.**

ફરીયાદી:- **શ્રી સરકાર.**
**વિવેકાનંદનગર પોલીસ સ્ટેશન**
**ગુ.ર.નં.૧૧૧૯૨૦૬૩૨૪૦૩૪૨ /૨૦૨૪.**

**વિરુધ્ધ**

આરોપી:- **મોહનભાઈ મલેસમ પદ્મશાલી.**
રહે.સી/૧૨, વિશ્વાસ ફલેટ, મારૂતી પ્લાજાની બાજુમાં,
ઉત્ગમ સ્કુલ સામે, કૃષ્ણનગર, અમદાવાદ.

**ચાર્જ :- ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ ૩૦૩(૨) મુજબ.**

---

**ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એસ.ઝેડ.રાજપુત.**
**આરોપી તર્ફે વિ.વ.શ્રી મોઈન સિપાઈ.**

---

**-: ચૂકાદો :-**

---

(૧) સદર કામના આરોપી વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૩૦૩(૨) મુજબના ગુન્હાના આક્ષેપ છે.

(૨) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૭-૦૯-૨૦૨૪ ના કલાક ૧૭-૦૦ થી ૧૭-૩૦ દરમ્યાન જુના જકાત નાકા, હાથીજણ ગામ ખાતે આવેલ મામાદેવ ધાબા હોટલમાંથી આ કામના ફરિયાદીના વન પ્લસ મોબાઈલ ફોન, કિંમત રૂા.૧૭,૯૯૯/- ની ચોરી કરી લઈ જઈ પકડાઈ જઈ ગુન્હો કર્યા અંગેની ફરીયાદ આ કામના ફરિયાદીએ નોંધાવતાં સદર ગુન્હાના તપાસનિશ અધિકારીશ્રીએ આક્ષેપિત

ગુન્હાની તપાસના અંતે હાલના આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતાં આંક-૦૧ મુજબનું ચાર્જશીટ કરેલ હતુ.

(૩) આ કામનાં આરોપીને સમન્સની બજવણી થતાં તેઓ વિ.વકીલશ્રી મારફતે હાજર થયેલ હતા. જેથી તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો વિનામુલ્યે પુરી પાડવામાં આવેલ હતી. ત્યારબાદ, તેઓ વિરૂધ્ધના આક્ષેપો સંદર્ભે આંક-૦૩ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ હતુ. જે તેઓને વાંચી, સંભળાવી, સમજાવી, તે સંદર્ભે આંક-૦૪ થી આરોપીનું નિવેદન લેતાં આરોપીએ આક્ષેપિત ગુન્હો કબુલ હોવાનો ઈન્કાર કરેલ હતો. જેથી ફરિયાદપક્ષનો પુરાવો નોંધવાનો હુકમ કરવામાં આવેલ હતો.

(૪) ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા માટે નીચે મુજબનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

| **(એ) મૌખિક પુરાવાઓ** | | |
|---|---|---|
| **અ.નં.** | **પુરાવાનું વર્ણન** | **આંક** |
| ૧ | ફરીયાદી ભુપેન્દ્રસિંહ છગનસિંહ રાજપુતની જુબાની | ૦૫ |
| **(બી) દસ્તાવેજી પુરાવાઓ** | | |
| **અ.નં.** | **પુરાવાનું વર્ણન** | **આંક** |
| ૧ | ફરીયાદ | ૦૬ |
| ૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૦૭ |
| ૩ | રીકવરી પંચનામું | ૦૮ |
| ૪ | કલોઝીંગ પુરસીસ | ૦૯ |

આ સિવાય ફરીયાદપક્ષે અન્ય કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી.

(૫) ફરીયાદપક્ષે રજુ કરેલ ઉપરોકત મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા સંદર્ભે આ કામના આરોપીનું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૩૫૧ ની જોગવાઈ મુજબ વિશેષ નિવેદન નોંધવાપાત્ર પુરાવો રજુ થયેલ ન હોવાથી આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તેમજ બચાવપક્ષના વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. જેનું પુનરાવર્તન ન થાય તે હેતુથી યોગ્ય મુદાના નિર્ણય સમયે ધ્યાને લેવામાં આવેલ છે.

(૬) સદર કેસનાં નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**:: મુદ્દા ::**

૧. શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૭–૦૯–૨૦૨૪ ના કલાક ૧૭–૦૦ થી ૧૭–૩૦ દરમ્યાન જુના જકાત નાકા, હાથીજણ ગામ ખાતે આવેલ મામાદેવ ધાબા હોટલમાંથી આ કામના ફરિયાદીના વન પ્લસ મોબાઈલ ફોન, કિંમત રૂા.૧૭,૯૯૯/– ની ચોરી કરી લઈ જઈ પકડાઈ જઈ, ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ–૩૦૩(૨) મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાનાં મારા નિર્ણયો અને નિર્ણયો માટેનાં કારણો નીચે મુજબ છે.

| | |
|---|---|
| મુદ્દા નંબર–૧ | ''નકારમાં''. |
| મુદ્દા નંબર–૨ | '' આખરી હુકમ મુજબ''. |

**----પુરાવાનું અર્થઘટન તેમજ નિર્ણયો માટેના કારણો---**

- **મુદ્દા નં.૧–૨**

(૮) ઉપસ્થિત મુદ્દા નં.૧–૨ ની હીકકતો પરસ્પર એકબીજા સાથે સંકળાયેલ હોય, ઉપરોકત બંને મુદ્દાઓની એકીસાથે નીચે મુજબ ચર્ચા કરવામાં આવેલ છે.

(૮.૧) કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો તેમજ ભારતિય સાક્ષ્ય અધિનિયમની જોગવાઈઓ મુજબ ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધનો ગુનો નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે અને જે સાબિત કરવાનો પુરાવાનો બોજો ફરીયાદપક્ષના શીરે રહેલ છે. સૌપ્રથમ ફરીયાદપક્ષે આંક–૦૫ થી આ કામના ફરીયાદી ભુપેન્દ્રસિંહ છગનસિંહ રાજપુતને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓ તેમની સોગંદ પરની સરતપાસમાં જણાવે છે કે, બનાવ સમયે તેઓએ તેમનો ફોન હોટલમાં ચાર્જીગ માટે મુકેલ હતો અને સવારે જોતા ફોન મળી આવેલ નહી. જેથી તેઓના મોબાઈલ ફોનની ચોરી થયા બાબતે હાલની ફરીયાદ નોંધાવેલ હોવાનું જણાવી આંક–૦૬ થી રજુ થયેલ ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવે છે. બચાવપક્ષની ઉલટતપાસમાં સ્વીકારે છે કે, ચોરી કોણે કરેલ તેની તેઓને ખબર નથી. વધુમાં સ્વીકારે છે કે, પોલીસે તેઓની રૂબરૂમાં ફોન કબ્જે કરેલ નથી.

(૮.૨) ફરીયાદપક્ષે આંક–૦૭ થી બનાવવાળી જગ્યાનું પંચનામું તેમજ આંક–૦૮ થી મુદ્દામાલ

કબજે કર્યાનું પંચનામું રજુ થયેલ છે. જે બચાવપક્ષે કબુલ રાખતા પુરાવામાં ગ્રાહ્ય રાખવામાં આવેલ છે. તે સિવાય ફરીયાદપક્ષે અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી અને પોતાનો પુરાવો પૂર્ણ થયાનું જાહેર કરેલ છે.

(૯) ઉપરોકત સમગ્ર વિગતે ફરીયાદપક્ષે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ઘ્યાને લેતાં બનાવ સ્થળેથી આ કામના ફરિયાદીના મોબાઈલ ફોનની ચોરી થયેલ હતી તેવું ફલિત થાય છે. ફરિયાદીના પુરાવામાંથી તેઓના મોબાઈલ ફોનની ચોરી આ કામના આરોપીએ જ કરેલ હતી તેવું નિકળી આવેલ નથી. વધુમાં ફરિયાદીના પુરાવામાંથી એવી પણ કોઈ હકિકતો ફલિત થયેલ નથી કે આ કામના આરોપીની પોલિસ દ્વારા ધરપકડ કરવામાં આવેલ હતી અને આરોપી પાસેથી તેઓનો ચોરી થયેલ મોબાઈલ ફોન કબજે કરવામાં આવેલ હતો. તે જોતાં આ કામના આરોપી વિરૂધ્ધ કોઈ સીધો પુરાવો ઉપલબ્ધ નથી. ફરિયાદપક્ષે રજુ કરેલ બનાવવાળી જગ્યાના પંચનામામાં આરોપીને ગુન્હા સાથે સાંકળી શકાય તેવી કોઈ હકિકત જણાઈ આવતી નથી. ફરિયાદપક્ષે રજુ કરેલ મુદ્દામાલ મોબાઈલ કબજે કર્યાના પંચનામાં સંદર્ભે પંચ સાહેદોનો મૌખિક પુરાવો રજુ થયેલ ન હોવાથી સદર પંચનામું પણ સાબિત થતુ નથી કે આરોપી પાસેથી ચોરી થયેલ મોબાઈલ ફોન કબજે કરવામાં આવેલ હતો તે હકિકત સાબિત થતી નથી. આમ, આ કામના આરોપી વિરૂધ્ધ કોઈ આડકતરો કે સમર્થનકારક અન્ય પુરાવો પણ રજુ થયેલ નથી. તે જોતાં, આક્ષેપિત બનાવમાં આ કામના આરોપીની સંડોવણી હોવા અંગે શંકા પ્રેરાય છે. ફરિયાદપક્ષે રજુ કરેલ પુરાવા જોતાં, આરોપીએ આક્ષેપિત ગુન્હો કરેલ હોવાનું સાબિત થતું નથી. ફરીયાદપક્ષે મહત્વના સાહેદ ફરીયાદીનો પુરાવો રજુ થયેલ હોય અને તે પુરાવાથી આરોપી વિરુધ્ધના આક્ષેપો સાબિત થયેલ ન હોય ત્યારે ફરીયાદપક્ષ અન્ય કોઈ પુરાવો રજુ કરે તો પણ કેસના ગુણદોષ ઉપરના ન્યાયનિર્ણયમાં ફેરફાર થવાની શકયતા નહિવત જણાઈ આવે છે. વધુમાં ફરિયાદી પણ સદર કેસની કાર્યવાહી આગળ ચલાવવા માંગતા નથી કે વધુ કોઈ પુરાવો રજુ કરવા માંગતા નથી તેવું જણાઈ આવે છે. આમ, ઉપરોકત રજુ થયેલ સમગ્ર પુરાવો જોતા આરોપીએ આક્ષેપીત ગુન્હો કરેલ હોય તેવી કોઈ હકીકતો સાબિત થતી નથી. આમ, ફરિયાદપક્ષે રજુ કરેલ સમગ પુરાવો જોતા ફરિયાદપક્ષ આરોપી વિરૂધ્ધના આક્ષેપિત ગુનાના આવશ્યક તત્વો શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું માનવામાં આવે છે.

(૧૦) ઉપરોકત સમગ્ર વિગતે ફરીયાદપક્ષે રજુ કરેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો ઘ્યાને લેતાં ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધના આક્ષેપીત ગુન્હાના આવશ્યક તત્વો શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું માનવામાં આવેલ છે તેમજ ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવાઓથી

આરોપીને આક્ષેપીત ગુન્હાના કામે તકસીરવાન ઠરાવી શકાય તેમ ન હોઈ, ઉપસ્થિત મુદ્દા નં.૧ નો જવાબ ''નકારમાં'' ઠરાવી મુદ્દા નં.૨ પરત્વે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**--હુ ક મ--**

(૧) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ- ૨૭૧(૧)ની જોગવાઈ મુજબ આ કામના આરોપીને તેઓની સામેના આક્ષેપીત ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૩૦૩(૨) મુજબના ગુન્હા સબબ પુરતા પુરાવાના અભાવે તેમજ શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ મોબાઈલ ફોન ફરિયાદીની ઓળખ અંગેનો આધાર મેળવી તેઓને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૧ ની જોગવાઈ મુજબ આરોપીએ રૂા.૧૦,૦૦૦/- ના જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો રજુ કરવા અન્યથા તેઓના જામીન તેમજ જાતમુચરકો રદ કરવામાં આવતા નથી પરંતુ સદર હુકમ વિરુધ્ધ જો અપીલ થાય તો વધુ છ માસના ગાળા માટે અગાઉના જામીનને ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

- હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૫-૦૨-૨૦૨૫.
મુકામ:- અમદાવાદ.

(દેવાંગ રવિરાય જોષી)
૧૩માં એડીશનલ ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ,
(કોર્ટ નં.૧૨), અમદાવાદ શહેર.
કોડ નં.જીજે.૦૦૯૪૫.

G.C.CHAUHAN.
P.A.